જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૩/૨૦૧૭ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૪૮૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૯૯ લીટર દેશી દારૂ, ૪૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૯૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૯ બીયર ટીન, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૪૮૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદ:- સમાચાર યાદી નં.૪૮૩/૧૭

**ઇસનપુર** : બિન્દીબેન વા/ઓ મીતભાઇ કડિયા (ઉ.વ.૨૪)(રહે,ચોક્સીપાર્ક સોસાયટી અમરજ્યોત સ્કુલની પાછળ ઈસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૩/૧૭ ના કલાક ૧૨/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે આવેલ બે અજાણ્યા ઈસમો (૨૫ થી ૩૦ વર્ષનાં આશરાનાં) બિન્દીબેનને વિશ્વાસમાં લઈ તેમના દાદી-સાસુની સોનાની બંગડી નંગ-૨ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- તથા તેમની સોનાની વિંટી નંગ-૨ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ધોઈ આપવાનુ કહી, તેમની પાસેથી કઢાવી લઇ નાસી જઇ બિન્દીબેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી. રાતડા ચલાવે છે.

**ક્રાઇમબ્રાન્ચ** : એશાબેન ડો/ઓ કિર્તીભાઈ શુકલ (ઉ.વ.૨૩)(રહે,અંકુર સોસાયટી, કૃષ્ણનગર, સૈજપુર બોઘા) એ તા.૭/૩/૧૭ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૧/૧૭ બપોરના સમયે અજાણી વ્યક્તિએ મોબાઈલ નંબર ૯૫૭૦૬૫૬૮૪૮ ઉપરથી ફોન કરી, એશાબેન પાસેથી એ.ટી.એમ.ની વિગત તથા ઓ.ટી.પી.નંબર મેળવી લઈ, ઇલેટ્રોનીક માધ્યમનો ઉપયોગ કરી, એશાબેનનાં બેન્ક એકાઉન્ટમાંથી રૂપીયા ૨૯,૯૦૦/- ઉપાડી લઇ, એશાબેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.ગેડમ ક્રાઈમબ્રાન્ચ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૪૮૪/૧૭**

**આનંદનગર** : જીગ્નેશ અરવિંદભાઈ શાહ (રહે,સિધ્ધીશીલા સોસાયટી, એકતા ટાઉન પાછળ, વાસણા બેરેજ રોડ, વાસણા) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૩/૧૭ ના કલાક ૫/૧૫ વાગ્યાનાં સુમારે આનંદનગર ૧૦૦ ફુટ રોડ રીવેરા આર્કેડમાં આવેલ સિધ્ધી પ્રીન્કેશી નામની પોતાની દુકાન નંબર જી/૯ નું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, ડ્રોઅરમાંથી રૂપિયા ૧,૯૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હર્ષદભાઇ વિરમભાઇ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૪૮૫/૧૭**

**આનંદનગર** : ફાલ્ગુનીબેન વા/ઓ અમીતભાઈ બુધીયા (ઉ.વ.૩૩)(રહે,નંદલીલા ટેનામેન્ટ, પુષ્પક એપાર્ટમેન્ટની પાછળ, જોધપુર ગામ સેટેલાઈટ) તા.૭/૩/૧૭ ના કલાક ૧૨/૪૫ વાગ્યાનાં સુમારે હોલસેલ હોલ, કલાદર્શન એપાર્ટમેન્ટની બાજુમાં પ્રેરણાતીર્થ રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ફાલ્ગુનીબેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ ફાલ્ગુનીબેન બુધીયાએ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી અહેમદખાન અબ્દુલખાન ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૪૮૬/૧૭**

**જી.આઇ.ડી.સી.વટવા** : શાંતીલાલ બાબુલાલ પટેલ (ઉ.વ.૪૯)(રહે,ચિત્રકુટ પાર્ક સોસાયટી, સ્મૃતી મંદિર ની પાછળ કેનાલ રોડ ઘોડાસર) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૩/૧૭ ના કલાક ૨/૩૦ વાગ્યાનાં સુમારે જીઆઈડીસી વટવા ફેઝ ૧ શ્યામ ઈન્ડસ્ટ્રીઝ એસ્ટ્રેટ શેડ નંબર ૫, ૬ માં આવેલ પોતાની નીલાંગ વાયર એન્ડ કેબલ ફેકટરીમાં કામ કરતાં આરોપી (૧) ભવાન અરજણભાઈ પગી (૨) વિક્રમભાઈ સોમાભાઈ દરબાર (બંને રહે. નીલાંગ વાયર એન્ડ કેબલ ફેકટરીમાં) તથા (૩) તેમની સાથે આવેલ એક અજાણ્યો ઇસમે ભેગામળી કંપનીના સ્ટોરરૂમમાંથી કોપરના વાયરનો ભંગાર આશરે ૨૦૦ કિ.ગ્રા. કિંમત આશરે રૂપીયા ૮૦,૦૦૦/- મતાનો ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૮૭/૧૭**

**નિકોલ** : રિંકલ ડો/ઓફ અશોકભાઇ દેવાણી(પટેલ)(ઉ.વ.૨૩)(રહે,સહ્જાનંદ સોસાયટી, ૮૦ ફુટ રોડ ઉત્તમનગર નિકોલ) એ પોતાને દાઢમાં દુખાવો થતો હોય તા.૭/૩/૧૭ નાં કલાક ૧૧/૧૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે બેડરૂમમાં છતમાં લગાડેલ લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ગણપતસિંહ બબાજી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)